## 11) Annexure:

Details of Heads/Sub-Heads under Chair the annual grants will be utilized by the Chairs Head Scale of Pay Emoluments/Grants:

| Head | Scale of Pay | Emoluments/ Grants |
|---|---|---|
| **A. Salaries of the Staff working under the Chair** | | |
| 1. Chairman | Remuneration as per University rules | Rs. 25,00,000/- |
| 2. Professor | Rs. 37,400-67,000 + G.P. of Rs.10,000/- | |
| 3. Research Officer | Rs. 15,600-39,100 +G.P of Rs. 5,400/- | |
| 4. Stenographer Grade 'C' / Computer Operator | Rs.9,300-34,800+G.P. Rs.4,200/- | |
| 5. Peon | Rs. 5,200–20,200/- +G.P of Rs.1800/- | |
| Total | | Rs. 25,00,000/- |
| **B. Activities of the Chair** | | |
| 1. Research Work (Long/short term)** | | Rs 2,50,000/- |
| 2. Research through students / supervision of M. Phil/ LLM/ Ph.D/ LLD, etc. | | Rs 1,00,000/- |
| 3. Organization of Seminar/Workshop**, etc. | | Rs 1,50,000/- |
| 4. Lectures** (including Dr. Ambedkar Memorial Lecture) | | Rs 1,00,000/- |
| 5. Publication of Books/Articles/Journals ## | | Rs 50,000/- |
| 6. Awareness/Extension/Training Programme(s) ** | | Rs 50,000/- |
| 7. Participation in Seminar (s)/Conference(s) | | Rs 50,000/- |
| 8. Purchase of Books/Journals/Source Material ## | | Rs 75,000/- |
| 9. Discussions/Dialogues ** | | Rs 25,000/- |
| 10. Inter-Chairs Collaborative Programmes | | Rs 25,000/- |
| 11. Phone/Fax/Stationery | | Rs 50,000 |
| 12. Contingency | | Rs 75,000 |
| **Total** | | **Rs. 10,00,000/-** |
| **Grand Total ( total of A + B)** | | **Rs. 35,00,000/-** |

** Topics for the research projects, seminars/ workshops, lectures, discussions, training programmes etc. may be decided in consultation with the university before the commencement of the next financial year.

## Related to given thrust area



Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)

Re- Accredited Grade A by NAAC

Prof. (Dr.) Raja N. Kathad
Chairman

Mo. 96876 92951

Ref. BAC/ /2018

Date : / /2018

# નિબંધ સ્પર્ધા યોજનાની માર્ગદર્શિકા

**(ચેર–સેન્ટરના આઉટ વર્ડ નંબર BAC/205/18, Date : 28/02/2018 ની ચેરમેનશ્રીની દ્વારા મૂકવામાં આવેલ નોંધને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને કુલપતિશ્રી દ્વારા મંજૂર થયેલ.)**

**(ઉચ્ચપ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા/ મહાશાળાઓ કક્ષાએ)**

**(૧) ભૂમિકા :**

બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર વીસમી સદીના એક મહાન રાષ્ટ્રીય નેતા હતા. તેઓ એક બૌદ્ધિક, વિદ્વાન અને મુત્સદી હતા અને રાષ્ટ્ર નિર્માણમાં તેઓનો અનન્ય, અવિસ્મરણીય ફાળો છે. તેઓએ કચડાયેલા અને બહિષ્કૃત જનસમુદાયને મુક્ત કરવા અને લાખો દબાયેલા વર્ગોના માનવ અધિકારોને સુરક્ષિત કરવા માટે ચળવળોની સંખ્યામાં વધારો કર્યો છે. સ્વતંત્ર ભારતના બંધારણના નિર્માણમાં તેમણે તેમના અમૂલ્ય યોગદાન દ્વારા અવિશ્વનીય છાપ છોડી દીધી છે. તેઓ સામાજિક ન્યાયને હાંસલ કરવા માટે સંઘર્ષનું પ્રતીક છે.

રાષ્ટ્ર એક સુપર પાવર તરીકે ટોચ પર તેના નિર્ધારિત ગન્તવ્ય સ્થાન તરફ ઝડપી વિકાસ તરફ જઈ રહ્યું છે. સામાજિક ન્યાય અને સમાનતા પર આધારિત સમાજ એ મહાન સિદ્ધિઓમાની એક ઉપલબ્ધિ છે. એક જાગૃત યુવાન દેશની પ્રગતિને આગળ વધારશે એટલું જ નહીં પણ દેશને તે હજુ પણ ઉચ્ચ સ્તર સુધી લઈ જશે.

ગુજરાત સરકારશ્રી દ્વારા બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરજીના જીવન અને કાર્યોને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસના ભાગ રૂપે વર્ષ ૨૦૦૩માં ગુજરાતની બધી જ યુનિવર્સિટીઓમાં 'બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર ચેર' શરૂ કરવામાં આવી હતી, જેમાં પ્રત્યેક યુનિવર્સિટીમાં રૂા.૫(પાંચ) લાખની ગ્રાન્ટ ફાળવી અને તેમના વ્યાજમાંથી ચેરની કામગીરી કરવાની જોગવાઈ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૬માં બાબાસાહેબ ડૉ. આંબેડકરજીની ૧૨૫મી જન્મ જયંતીને અનુલક્ષીને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રાજ્યની પાંચ યુનિવર્સિટીઓમાં બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર ચેરના સેન્ટરો ઊભા કરવા માટે પ્રતિવર્ષ ગ્રાન્ટઈન ધોરણે રૂા. ૩૫

Babasaheb Dr. B.R. Ambedkar Chair. Saurashtra University * Rajkot (Gujarat) *

લાખની ગ્રાન્ટ મંજૂર કરતો ઠરાવ તા.૨૯/૦૪/૨૦૧૬ ના રોજ કરવામાં આવ્યો અને તેની ગ્રાન્ટ યુનિવર્સિટીને ફાળવવામાં આવી છે.

**(૨) ઉદ્દેશો :**

બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર દ્વારા રાજ્યકક્ષાની નિબંધસ્પર્ધાના ઉદ્દેશ ઉચ્ચપ્રાથમિક / માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા/ મહાશાળાઓ કક્ષાએ વિદ્યાર્થીઓમાં સામાજિક મુદ્દાઓ પરના લેખનને પ્રોત્સાહિત કરવાનો છે અને સામાજિક ન્યાય જેવા મૂળભુત સામાજિક મુદ્દાઓ પર બાબાસાહેબ ડૉ.આંબેડકરજીના વિચારોથી અગવત થઈ અસ્પૃશ્યતાને દૂર કરવા માટે તેમની રુચિ ઊભી કરવાનો છે. જાતિ આધારિત પૂર્વગ્રહો, અસમાનતા અને ભેદભાવ દૂર કરવા, સામાજિક લોકશાહી, રાષ્ટ્રિય એકીકરણ, સાંપ્રદાયિક સંવાદિતા પ્રતિ તેમના ઉત્તરદાયિત્વ અવગત થાય તથા વિદ્યાર્થીઓ મજબૂત સામાજિક લોકશાહી અને સમાજને સ્થાપિત કરવાના માર્ગો અને અર્થોનું પૃથ્થકરણ અને સૂચન કરે તેવી અપેક્ષાઓ છે.

**(૩) પાત્રતા :**

બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર દ્વારા આયોજિત રાજ્યકક્ષાની નિબંધસ્પર્ધા ત્રણ સ્તરના વિદ્યાર્થીઓ માટે છે. જેવા કે,

(અ) ઉચ્ચત્તર પ્રાથમિક શાળા (ધોરણ–૬ થી ૮)

(બ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધોરણ–૯ થી ૧૨)

(ક) સ્નાતકથી પીએચ.ડી. સુધીના વિદ્યાર્થીઓ.

**(૪) નિબંધસ્પર્ધાના વિષય અને માધ્યમ**

સામાજિક ન્યાય અંગેના ડૉ.આંબેડકરજીના વિચારો, અસમાનતા અને ભેદભાવ દૂર કરવા, સમાજના નબળા વર્ગોની સ્થિતિને સુધારીને, અસ્પૃશ્યતા દૂર કરવી, જાતિ આધારિત પૂર્વગ્રહો, અસમાનતા, સમાનતાના તથા સામાજિક લોકશાહી વગેરે વિષયો પર નિબંધસ્પર્ધા યોજવામાં આવશે જે વિષયોની જાણકારી જાહેરાતની સાથે જ કરવામાં આવશે.

(૫) નિબંધ લેખનની ભાષા ગુજરાતી અથવા હિન્દી અથવા સંસ્કૃત અથવા અંગ્રેજીમાં રહેશે.

(૬) નિબંધસ્પર્ધામાં પ્રત્યેક કક્ષામાં કુલ ૫(પાંચ) વિજેતાઓને **ભીમપ્રજ્ઞા પુરસ્કાર તથા પ્રમાણપત્ર** બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર દ્વારા આપવામાં આવશે.

**(૭) નિબંધ–લેખનમાં શબ્દોની મર્યાદા અને ભીમપ્રજ્ઞા પુરસ્કારની વિગત :**

| કક્ષા | નિબંધના શબ્દો | પ્રથમ ભીમપ્રજ્ઞાપુરસ્કાર | દ્વિતીય ભીમપ્રજ્ઞાપુરસ્કાર | તૃતીય ભીમપ્રજ્ઞાપુરસ્કાર | ચોથો ભીમપ્રજ્ઞાપુરસ્કાર | પાંચમો ભીમપ્રજ્ઞાપુરસ્કાર |
|---|---|---|---|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક (ધો.૬ થી ૮) | ૧૫૦૦ શબ્દોમાં | ૧૦,૦૦૦/– | ૫,૦૦૦/– | ૩,૦૦૦/– | ૨,૦૦૦/– | ૧,૦૦૦/– |
| માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધો.૯ થી ૧૨) | ૨૫૦૦ શબ્દોમાં | ૧૦,૦૦૦/– | ૫,૦૦૦/– | ૩,૦૦૦/– | ૨,૦૦૦/– | ૧,૦૦૦/– |
| મહાશાળા સ્નાતક પ્રથમ વર્ષ થી પીએચ.ડી. સુધી | ૩૫૦૦ શબ્દોમાં | ૧૦,૦૦૦/– | ૫,૦૦૦/– | ૩,૦૦૦/– | ૨,૦૦૦/– | ૧,૦૦૦/– |



Babasaheb Dr. B.R. Ambedkar Chair. Saurashtra University Rajkot (Gujarat)

**(૮) નિબંધસ્પર્ધા યોજનાની જાહેરાત :**

આ સ્પર્ધા અંગેની જાહેરાત www.bac.org.in વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે આ ઉપરાંત અખબારો, શાળા, કોલેજો, યુનિવર્સિટીના ભવનોમાં કરવામાં આવશે. રજિસ્ટ્રેશન ફોર્મ અને નિબંધસ્પર્ધા અંગેના નિયમો વેબ–સાઈટ પર મૂકવામાં આવશે.

**(૯) સ્પર્ધાના નિયમો :**

(ક) આ સ્પર્ધામાં કોઈપણ પ્રવેશ ફી રાખવામાં આવેલ નથી.

(ખ) નિબંધસ્પર્ધામાં પ્રતિભાગી થનાર વિદ્યાર્થીઓ ડૉ.આંબેડકરજીના જીવન, કવન,તત્ત્વજ્ઞાન અને તેમના પ્રદાન અંગે ચેર–સેન્ટર દ્વારા આપવામાં આવેલા ત્રણ નિબંધોમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખવાનો રહેશે.

(ગ) આ નિબંધસ્પર્ધામાં શાળા, મહાશાળા, સંસ્થામાં નોંધાયેલા વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકશે. **જે વિદ્યાર્થીઓ નિબંધસ્પર્ધામાં ૧ થી ૫ ક્રમે પસંદગી પામશે એવા સ્પર્ધાક વિદ્યાર્થીએ ચાલુ અભ્યાસનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો આમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો ભીમપ્રજ્ઞા પુરસ્કાર માટે તેઓ પાત્ર ઠરશે નહીં જેની ખાસ તકેદારી રાખવી.**

(ઘ) નિબંધસ્પર્ધામાં ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીએ ચેર–સેન્ટરના સ્પર્ધાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(ચ) નિબંધસ્પર્ધામાં પ્રાપ્ત થયેલા બધા જ નિબંધ ચેર–સેન્ટરની જ મિલકત ગણાશે અને ચેર–સેન્ટર દ્વારા જ વિજેતા પુરસ્કૃત વિદ્યાર્થીઓના નિબંધને પુસ્તક રૂપે અથવા રીસર્ચ જર્નલમાં પ્રકાશિત કરવાના હક્ક રહેશે.

(છ) નિબંધસ્પર્ધામાં કોઈપણ પ્રકારના વાદ–વિવાદની બાબતોમાં કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ, માન્ય અને બંધનકર્તા રહેશે.

(જ) આ નિબંધ સ્પર્ધામાં બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર સાથે સંકળાયેલા અધિકારીઓ, સમિતિના સદસ્યશ્રીઓ, કર્મચારીઓના સંતાનો ભીમપ્રજ્ઞા પુરસ્કાર માટે સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.

**(૧૦) નિબંધ મૂલ્યાંકનની પદ્ધતિ :**

નિબંધસ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના નિબંધનું મૂલ્યાંકન ચેર–સેન્ટર દ્વારા નિયુક્ત વિષય નિષ્ણાંત દ્વારા નીચે પ્રમાણેના માપદંડની ગુણવતાના આધારે ગુણાંકન કરવામાં આવશે.

| ક્રમ | માપદંડ | | ગુણ |
|---|---|---|---|
| (૧) | વિષયવસ્તુની રજૂઆત | – | ૫૦ |
| (૨) | વિશ્લેષણ અને અર્થઘટન | – | ૨૦ |
| (૩) | પ્રસ્તુતિકરણ | – | ૧૫ |
| (૪) | લેખન કૌશલ્ય | – | ૧૫ |
| | કુલ ગુણ | – | ૧૦૦ |



Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)

**(૧૧) વિજેતાની જાહેરાત :**

વિજેતા વિદ્યાર્થીઓના નામની યાદી ચેર–સેન્ટરની વેબ–સાઈડ www.bac.org.in પર પ્રકાશિત કરવામાં આવશે.

**(૧૨) ભીમપ્રજ્ઞા પુરસ્કારનું વિતરણ :**

વિજેતા ઉમેદ્વારોના ભીમપ્રજ્ઞા પુરસ્કારની રકમ તેમના બેંક એકાઉન્ટમાં ઓન–લાઈન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જમા આપવામાં આવશે.

ચેરમેન
બાબા સાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (ગુજરાત)

Babasaheb Dr. B.R. Ambedkar Chair. Saurashtra University * Rajkot (Gujarat) *